## આંક– ૧ લગત હુકમ

આ કામે વિભાગીય પોલીસ અધિકારી દ્વારા હાલનો સમરી રીપોર્ટ રજુ કરેલ જેની વિગતો જોવામાં આવે તો, અરજદારે હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, અરજદારે કોસંબા પો.સ્ટે.મા ગુ.ર.નં. ૧૧૨૧૪૦૨૧૨૪૦૫૫૨/૨૦૨૪ ઈ.પી.કો. કલમ ૩૬૩ મુજબની ફરીયાદ આપેલી. જેમાં તેઓને મોજે પીપોદરા ટેમ્પો ગલી ફેનસેન કંપનીના લેબર રૂમમાંથી પિંન્કી મુકેશ પાંડેને તેમના કાયદેસરના વાલીપણામાંથી તેમના ધ્યાન બહાર કોઈને કહ્યા વગર અપહરણ કરીને લઈ જઈ ગુનો આચરેલ. વધુમાં આ કામના ત.ક.અમલદારે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી સાહેદોના નિવેદનો મેળવી અપહરણ થનારના વર્ણનની પ્રસિધ્ધિ માટે એમ.ઓ.બી. શાખાને પોલીસ ગજેટ અબે દૈનિક સમાચારમાં થવા સારું યાદી પાઠવી તપાસ હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ આ કામના ભોગ બનનારનું નિવેદન લેતાં તેઓએ જણાવેલ કે, કોઈએ તેનુ અપહરણ કરેલ નથી તેમજ આ કામે ભોગ બનનાર નોકરી કરવાની ઈચ્છા ધરાવતી હોય અને તેના જીજાજી નોકરી કરવાની ના પાડતા હોય જેથી તેઓ ઘરેથી કોઈને કહ્યા વગર સુરતમાં નોકરી મેળવવા નીકળી ગયેલાં પાંડેસરા વિસ્તારમાં એક કંપનીમાં નોકરી મળી જતાં ત્યાં કંપનીમાં રહેતા અને તેમના ઘરના સભ્યો શોધખોળ કરશે તેવુ વિચારીને પરત આવી હકીકત લખાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદી તથા તેમના સગાં સંબંધી તથા કંપનીના મેનેજર તથા ત્યાં કામ કરતી મહીલાનું નિવેદન લેવામાં આવેલ. ફરીયાદી સાચી હકીકતની ભુલના કારણે આપતા ફરીયાદ દાખલ થયેલ છે. આમ, રજુ થયેલ સમરી સાથેના દસ્તાવેજો ધ્યાને રાખી ફરીયાદીને સમન્સ કરતા તેઓ સમન્સની બજવણી થવા છતાં હાજર રહેલ નથી. આથી સમરી સાથે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ ફરમાવામાં આવે છે.

**:: હુકમ::**

આથી હાલની સમરી મંજુર કરવામાં આવે છે અને સમરીનું રેકર્ડ સબંધિત પોલીસ સ્ટેશનને યાદી સાથે પરત કરવાનો હુકમ ફરમાવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

માંગરોળ
તા. ૦૬/૦૬/૨૦૨૬

(જે.એસ. પરમાર)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.,
માંગરોલ, જી.સુરત.
(**Judge Code: GJ01155**)